**તા. ......./08/2025** **......................પ્રા. શાળા** **સમય:- ..... : ......**

**વાર:- ...........વાર** **વિષય:- ગણિત** **ધોરણ:- 8**

**M.8.01→ પેટર્ન /ઉદાહરણો દ્વારા સંમેય સંખ્યાઓના સરવાળા, બાદબાકી,ગુણાકાર અને ભાગાકાર વિશેના ગુણધર્મોનું સામાન્યીકરણ કરે છે અને ગુણધર્મોનો ઉપયોગ કરી સાદુ રૂપ આપે છે.**

**પ્રશ્ન:-1(અ) યોગ્ય વિકલ્પ પસંદ કરો.** **3)**

(1) 0 એ કયા પ્રકારની સંખ્યા નથી?

(A) પ્રાકૃતિક સંખ્યા (B) પૂર્ણ સંખ્યા (C) પૂર્ણાંક સંખ્યા (D) સંમેય સંખ્યા

(2) કઈ સંખ્યા સંમેય સંખ્યા છે?

(A) $\frac{1}{2}$ (B) (- 3) (C) 0 (D) આપેલ તમામ

(3) $\frac{7}{11}$ ને કઈ સંખ્યા વડે ગુણવાથી જવાબ 1 મળે?

(A) $\frac{-7}{11}$ (B) $\frac{7}{1}$ (C) 1 (D) $\frac{11}{7}$

**(બ) યોગ્ય ખાલી જગ્યા પુરો** **2)**

(1) $\left(\frac{-2}{3}\right) + \left(\frac{2}{3}\right)$ = .................

(2) વ્યસ્ત સંખ્યા એટલે જેનો ................ 1 થાય.

**(ક) નીચેના વિધનો ખરાં છે કે ખોટા તે જણાવો.** **2)**

(1) 0 એ સંમેય સંખ્યાના સરવાળા માટે તટસ્થ ઘટક છે.

(2) બે સંમેય સંખ્યાઓ વચ્ચે માત્ર એક જ સંમેય સંખ્યા હોય છે?

**M.8.01→ પેટર્ન /ઉદાહરણો દ્વારા સંમેય સંખ્યાઓના સરવાળા, બાદબાકી,ગુણાકાર અને ભાગાકાર વિશેના ગુણધર્મોનું સામાન્યીકરણ કરે છે અને ગુણધર્મોનો ઉપયોગ કરી સાદુ રૂપ આપે છે.**

**પ્રશ્ન:-2 (અ) માગ્યા મુજબ જવાબ આપો.** **4)**

(1) આપેલી ક્રિયા કયા ગુણધર્મનું પાલન કરે છે?
$\frac{-13}{17} \times 1 = 1 \times \frac{-13}{17} = \frac{-13}{17}$

(2) વ્યસ્ત સંખ્યા એટલે શું?

(3) $\frac{2}{5} + 0 = \frac{2}{5}$ એ કયો ગુણધર્મ દર્શાવે છે?

(4) $\frac{4}{7} \times \frac{-3}{5} = \frac{-3}{5} \times \frac{4}{7}$ એ કયો ગુણધર્મ દર્શાવે છે?

**(બ) નીચેના પ્રશ્નોની યોગ્ય ગણતરી કરો. (ગમે તે બે)** **4)**

(1) જો $a = \frac{1}{2}$ અને $b = \frac{3}{4}$ હોય તો a + b શોધો.

Scanned with CamScanner

(2) જો $p = \frac{2}{5}$ અને $q = \frac{1}{3}$ હોય તો p – q શોધો.

(3) $\frac{1}{2} + \frac{1}{3} + \frac{1}{4}$ ની કિંમત શોધો.

**M.8.01→ પેટર્ન /ઉદાહરણો દ્વારા સંમેય સંખ્યાઓના સરવાળા, બાદબાકી,ગુણાકાર અને ભાગાકાર વિશેના ગુણધર્મોનું સામાન્યીકરણ કરે છે અને ગુણધર્મોનો ઉપયોગ કરી સાદુ રૂપ આપે છે.**

**પ્રશ્ન:- 3 નીચેના પ્રશ્નોની યોગ્ય ગણતરી કરો. (ગમે તે એક)** (3)

(1) $\frac{-1}{6} \times \frac{2}{5} \times \frac{15}{3} \times \frac{-2}{5}$ ની કિંમત શોધો.

(2) $\frac{3}{7} \times \left(\frac{2}{5} - \frac{1}{5}\right)$ ની કિંમત શોધો.

**M.8.06.2 → બંને બાજુ ચલ હોય તેવા સમીકરણનો ઉકેલ મેળવે છે.**

**પ્રશ્ન:-4 (અ) યોગ્ય વિકલ્પ પસંદ કરો.** 3)

(1) નીચેનામાંથી કયું એક ચલ સુરેખ સમીકરણ નથી?

(A) 5t – 3 = 5t - 8 (B) 2y – 1 = 14 - y (C) 3x + 4> 5x (D) 4x + 3 = 7

(2) આપેલ સમીકરણ 4x = 2x + 8

(A) 8 (B) 16 (C) 2 (D) 4

(3) સમીકરણ ax + b = 0નો ઉકેલ કયો છે?(a અને b અચળાંક છે)

(A) $\frac{b}{a}$ (B) b (C) $\frac{a}{b}$ (D) $\frac{-b}{a}$

**(બ) યોગ્ય ખાલી જગ્યા પુરો** 2)

(1) સમીકરણમાં હંમેશા સમતા માટે ................ નીશાની વપરાય છે.

(2) એક ચલ સુરેખ સમીકરણમાં ચલની મહત્તમ ઘાત ................. હોય છે.

**(ક) યોગ્ય જોડકા જોડો.** (4)

| વિભાગ "અ" | વિભાગ "બ" |
|---|---|
| (1) 4x + 3 = 2 | a. $\frac{5}{6}$ |
| (2) 6x = 5 | b. 4 |
| (3) 5x + 3 = 9 | c. $\frac{-1}{4}$ |
| (4) x + 3 = 7 | d. $\frac{6}{5}$ |

**M.8.06.2 → બંને બાજુ ચલ હોય તેવા સમીકરણનો ઉકેલ મેળવે છે.**

**પ્રશ્ન:-5 (અ) માગ્યા મુજબ જવાબ આપો.** 3)

(1) 3x + 2y + 1 માં કુલ કેટલા ચલ છે.

Scanned with CamScanner

(2) " x ના પાંચ ગણા વીસ થાય" વિધાનનું ગાણિતિક સમીકરણ બનાવો.

(3) $4x^2 + 3x = 1$ ને એક ચલ સુરેખ સમીકરણ કહી શકાય? કેમ?

(બ) નીચેના સમીકરણ ઉકેલો (ગમે તે બે) (4)

(1) $3x + 4 = 2x - 1$

(2) $9x + 3 = 3x + 5$

(3) $2(x + 3) = x + 6$

M.8.06.2 → બંને બાજુ ચલ હોય તેવા સમીકરણનો ઉકેલ મેળવે છે.

પ્રશ્ન:- 6 નીચેના પ્રશ્નોની યોગ્ય ગણતરી કરો. (ગમે તે બે) (6)

(1) $\frac{3x-2}{4} - \frac{2x+3}{3} = \frac{2}{3} - x$

(2) $y - \frac{y-2}{3} = 1 - \frac{y-1}{2}$

(3) $\frac{6p+1}{3} + \frac{1}{2} = \frac{p-3}{6}$

| પ્રશ્ન | 1 | 2 | 3 | 4 | 5 | 6 | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|
| ગુણ | 7 | 8 | 3 | 9 | 7 | 6 | 40 |

Scanned with CamScanner

તા. ......./08/2025 ......................પ્રા. શાળા સમય:- ..... : ......

વાર:- ...........વાર વિષય:- ગણિત ધોરણ:- 7

M.7.01-3 :- ઉદાહરણો, પેટર્ન દ્વારા પૂર્ણાંક સંખ્યાઓના ગુણાકાર વિશેના ગુણધર્મોનું સામાન્યીકરણ કરે છે, તથા તે ગુણધર્મોનો ઉપયોગ કરી ગાણિતીક ક્રિયાઓ સરળ બનાવે છે.

પ્રશ્ન:-1(અ) યોગ્ય વિકલ્પ પસંદ કરો. (2)

(1) (-5) + 8 બરાબર કેટલા થાય?

(A) 3 (B) - 3 (C) 13 (D) - 13

(2) કયો ગુણધર્મ જણાવે છે કે a x (b + c) = a x b + a x c ?

(A) સરવાળા વિશે જુથનો ગુણધર્મ (B) સરવાળા વિશે ક્રમનો ગુણધર્મ

(C) વિભાજનનો ગુણધર્મ (D) ગુણાકાર વિશે ક્રમનો ગુણધર્મ

(બ) યોગ્ય ખાલી જગ્યા પુરો (2)

(1) કોઈ સંખ્યામાં તેની ............... ઉમેરવાથી જવાબ 0 મળે.

(2) બે ઋણ પુર્ણાંકોનો ભાગાકાર હંમેશા ................. હોય છે.

(ક) નીચેના વિધનો ખરાં છે કે ખોટા તે જણાવો. (2)

(1) શુન્ય એ ધન પૂર્ણાંક કે ઋણ પૂર્ણાંક નથી.

(2) પુર્ણાંક a માટે a x 0 = a થાય.

M.7.01-1 :- પૂર્ણાંક સંખ્યાઓના સરવાળા તથા બાદબાકીના ગુણધર્મોનું સામાન્યીકરણ કરે છે.

પ્રશ્ન:-2 (અ) યોગ્ય જોડકા જોડો. (4)

| | વિભાગ "અ" | વિભાગ "બ" |
|---|---|---|
| (1) | (- 7) + 9 = 9 + (- 7) | a. સરવાળા વિશે જુથનો ગુણધર્મ |
| (2) | 6 – 9 = - 3 | b. સરવાળાની તટસ્થ સંખ્યા |
| (3) | (-5) + [(-1)+2]=[(-5)+(-1)]+2 | c. વિભાજનનો ગુણધર્મ |
| (4) | a + 0 = a | d. સરવાળા વિશે ક્રમનો ગુણધર્મ |
| | | e. સંવૃતતાનો ગુણધર્મ |

Scanned with CamScanner

**M.7.01 :- પૂર્ણાંક સંખ્યાના ગુણાકાર તથા ભાગાકાર કરે છે.**

**(બ) માગ્યા મુજબ જવાબ આપો. (2)**

**(1) બે સંખ્યાની એવી જોડ લખો જેનો ગુણાકાર (- 150) થાય.**
**(2) (- 625) નો 5 ના સૌથી મોટા અવયવ વડે ભાગાકાર કરો.**

**M.7.01 :- પૂર્ણાંક સંખ્યાના ગુણાકાર તથા ભાગાકાર કરે છે.**

**પ્રશ્ન:- 3 (અ) નીચેના પ્રશ્નોની યોગ્ય ગણતરી કરો. (ગમે તે બે) (4)**

**(1) એક ટ્રેન 80 કિમી પ્રતિ કલાકની ઝડપે ચાલે છે, તો 5 કલાકમાં કેટલું અંતર કાપશે?**
**(2) જો a =2, b = 3 અને C = 5 હોય તો a x (b + c) = ab + ac ચકાશો.**
**(3) ચકાસો.(-10) x [(-7)+ 3] = (- 10) x (- 7) + (- 10) x 3**

**(બ) નીચેના પ્રશ્નોની યોગ્ય ગણતરી કરો. (ગમે તે એક) (3)**

**(1) એક રમતમાં સાચા જવાબ માટે 5 ગુણ અને ખોટા જવાબ માટે – 2 ગુણ કપાય છે. જો તમે 10 સાચા અને 5 ખોટ જવાબ આપો તો તમારો સ્કોર કેટલો થશે?**
**(2) એવી પૂર્ણાંક સંખ્યાની જોડી શોધો કે**
**(અ) સરવાળો (- 22) થાય.**
**(બ) તફાવત 5 થાય.**
**(ક) સરવાળો 15 અને તફાવત 9 થાય.**

**M.7.02 :- અપૂર્ણાંકોના ગુણાકાર અને ભાગાકારની સમજ કેળવે છે.**

**પ્રશ્ન:-4(અ) યોગ્ય વિકલ્પ પસંદ કરો. (3)**

**(1) 20 વિધાર્થીઓમાંથી $\frac{1}{5}$ વિધાર્થીઓને ગણિત વિષય પસંદ છે તેનું અપુર્ણાંક સ્વરૂપ જણાવો.**

**(A) 20 x $\frac{5}{1}$ (B) 20 x $\frac{1}{20}$ (C) 20 x $\frac{1}{5}$ (D) એક પણ નહીં**

**(2) નીચેનામાંથી કયો મિશ્ર અપૂર્ણાંક છે?**

**(A) $\frac{8}{5}$ (B) 1 $\frac{3}{4}$ (C) $\frac{5}{9}$ (D) $\frac{7}{7}$**

**(3) $\frac{1}{2}$ x $\frac{1}{3}$ = ?**

**(A) $\frac{2}{6}$ (B) $\frac{1}{6}$ (C) $\frac{2}{5}$ (D) $\frac{1}{5}$**

**(બ) નીચેના વિધનો ખરાં છે કે ખોટા તે જણાવો. (2)**

**(1) $\frac{1}{2}$ અને $\frac{3}{6}$ અપૂર્ણાંક સમાન છે.**
**(2) અપૂર્ણાંકનું સ્વરૂપ હંમેશા $\frac{p}{q}$ હોય છે, જ્યાં $q \neq 0$**

**M.7.02 :- અપૂર્ણાંકોના ગુણાકાર અને ભાગાકારની સમજ કેળવે છે.**

**પ્રશ્ન:-5 (અ) માગ્યા મુજબ જવાબ આપો. (2)**

Scanned with CamScanner

(1) ગુણાકાર કરી અતિસંક્ષિપ્ત સ્વરૂપમાં ફેરવો:- 15 x $\frac{2}{9}$

(2) આપેલી સંખ્યાને મિશ્ર સ્વરૂપમાં ફેરવો:- $\frac{13}{4}$

(બ) નીચેના પ્રશ્નોની યોગ્ય ગણતરી કરો. (ગમે તે બે) (4)

(1) એક પેકેટમાં 15 ચોકલેટ છે. જો મીના તેમાંથી $\frac{2}{3}$ ભાગની ચોકલેટ ખાય તો તેણે કેટલી ચોકલેટ ખાધી?

(2) એક રિબિનના 15 મીટરના રોલમાંથી $\frac{3}{4}$ મીટરની કેટલી રિબિન કાપી શકાય.

(3) એક વર્ગમાં 30 વિદ્યાર્થીઓને છે તેમાંથી $\frac{3}{5}$ ભાગના વિદ્યાર્થીઓને ગણિત ગમે છે તો કેટલા વિદ્યાર્થીઓને ગણિત ગમે છે?

**M.7.03 અપૂર્ણાંક અને દશાંશ સંખ્યાના ગુણાકાર અને ભાગાકાર માટે વિવિધ રીતનો ઉપયોગ કરે છે.**

પ્રશ્ન:-6(અ) યોગ્ય વિકલ્પ પસંદ કરો. (2)

(1 ) $\frac{1}{2}$ x $\frac{1}{3}$ = ?

(A) $\frac{2}{6}$ (B) $\frac{1}{6}$ (C) $\frac{2}{5}$ (D) $\frac{1}{5}$

(2) 0.04 x 8 = .........

(A) 3.2 (B) 0.32 (C) 0.032 (D) 32

(બ) યોગ્ય ખાલી જગ્યા પુરો (2)

(1) 2 ÷ $\frac{4}{7}$ = .................

(2) 0.04 x 0.07 = ..................

(ક) નીચેના વિધનો ખરાં છે કે ખોટા તે જણાવો. (1)

(1) 0.5 અને 0.50 બંને દશાંશ સંખ્યાઓ સમાન છે.

**M.7.02 :- અપૂર્ણાંકોના ગુણાકાર અને ભાગાકારની સમજ કેળવે છે.**

પ્રશ્ન:-7 (અ) નીચેના પ્રશ્નોની યોગ્ય ગણતરી કરો. (ગમે તે એક) (2)

(1) એક પુસ્તકની કિંમત 150.75 છે, તો 12 પુસ્તકની કિંમત કેટલી થાય?

(2) એક સ્કૂટર 1 લીટરમાં 55.5 કિમી ચાલે છે, તો 10 લિટરમાં કેટલું ચાલશે?

પ્રશ્ન:-7(બ) નીચેના પ્રશ્નોની યોગ્ય ગણતરી કરો. (ગમે તે એક) (3)

(1) તમે 2.50 રૂપિયાની એક એવી ચાર પેન્સિલ અને રૂપિયા 3 નું એક એવા ત્રણ રબર ખરીદો છો તો તમે કુલ કેટલા રૂપિયાની ખરીદી કરો છો?

(2) તુલસી પાસે રૂપિયા 56.75 છે અને પ્રિયા પાસે રૂપિયા 56.57 છે

(1) કોની પાસે વધુ રૂપિયા છે? કેટલા?

(2) બંને પાસે થઈને કુલ કેટલા રૂપિયા છે?

(3) જો તુલસી રૂપિયા 45.25ની વસ્તુ ખરીદે છે તો તેની પસે કેટલા રૂપિયા વધશે?

Scanned with CamScanner

| પ્રશ્ન | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|---|---|
| ગુણ | 6 | 6 | 7 | 5 | 6 | 5 | 5 | 40 |

Scanned with CamScanner

| | | |
|---|---|---|
| તા. ......./08/2025 | ......................પ્રા. શાળા | સમય:- ..... : ...... |
| વાર:- ...........વાર | વિષય:- ગણિત | ધોરણ:- 6 |

**પ્રશ્ન:-1(અ) યોગ્ય વિકલ્પ પસંદ કરો.** (3)

(1) 3, 8, 0 અને 2 અંકનું પુનરાવર્તન કર્યા વગર બનતી ચાર અંકની નાનામાં નાની સંખ્યા કઈ છે?

(A) 0832 (B) 2038 (C) 0238 (D) 3028

(2) 1 કિલોમીટર એટલે કેટલા મીટર?

(A) 1 (B) 10 (C) 100 (D) 1000

(3) એવી કઈ સંખ્યા છે જે પૂર્ણ સંખ્યા છે પણ પ્રાકૃતિક સંખ્યા નથી?

(A) 1 (B) 0 (C) – 1 (D) એક પણ નહીં

**(બ) યોગ્ય ખાલી જગ્યા પુરો** (3)

(1) 47256 માં 7 ની સ્થાનકિંમત .......... છે.

(2) 7000 ગ્રામ = ......... કિલોગ્રામ

(3) 95071 ....... 95935 (<, >, =)

**પ્રશ્ન:-2(અ) નીચેના વિધનો ખરાં છે કે ખોટા તે જણાવો.** (2)

(1) 3, 8, 7,1 માં 7 ને એકમના સ્થાને મૂકતાં મોટામાં મોટી સંખ્યા 8713 છે.
(2) સંખ્યારેખા પર 9 એ સંખ્યા 4 ની ડાબી બાજુએ આવેલી છે.

**(બ) યોગ્ય જોડકા જોડો.** (5)

આપેલી સંખ્યામાં 8 ના અંકને તેની સ્થાનકિંમત સાથે જોડો.

| વિભાગ "અ" | વિભાગ "બ" |
|---|---|
| (1) 7,89,532 | (i) 800 |
| (2) 89,25,712 | (ii) 8 |
| (3) 54,66,810 | (iii) 80,000 |
| (4) 64,45,518 | (iv) 8,000 |
| (5) 15,28,729 | (v) 80,00,000 |
| | (vi) 8,00,000 |

**પ્રશ્ન:-3 (અ) માગ્યા મુજબ જવાબ આપો.** (10)

(1) 5368 દરેક અંકની ફેરબદલી કરી નાનામાં નાની સંખ્યા બનાવો.

Scanned with CamScanner

(2) ચડતા ક્રમમાં લખો.     67293,  67572,  67981,  67722

(3) ઊતરતા ક્રમમાં લખો. 53925,  64981, 25392, 37859

(4) 237956 સંખ્યાનું સ્થાનકિંમતના આધારે વિસ્તરણ કરો.

(5) વિસ્તરણને આધારે સંખ્યા લખો.

$5 \times 100000 + 7 \times 10000 + 4 \times 1000 + 9 \times 100 + 2 \times 10 + 8 \times 1$

(6) 6403427 સંખ્યામાં અલ્પવિરામનો ઉપયોગ કરી ભારતીય પદ્ધતિમાં સંખ્યા લેખન કરો.

(7) 7853204 સંખ્યામાં અલ્પવિરામનો ઉપયોગ કરી આંતરરાષ્ટ્રિય પદ્ધતિમાં સંખ્યા લેખન કરો.

(8) " તોત્તેર લાખ બ્યાસી હજાર નવસો પાંચ"  અલ્પવિરામ મૂકી સંખ્યાને અંકમાં લખો.

(9) 5090 ની તરત પહેલા કઈ સંખ્યા મળે?

(10)  5999 અને 6001 વચ્ચે કઈ સંખ્યા મળે?

પ્રશ્ન:- 4 નીચેના પ્રશ્નોની યોગ્ય ગણતરી કરો. (ગમે તે ચાર) (8)

(1) 2, 0, 7, 6 અંકોનો ઉપયોગ કરી ચાર અંકની કોઈ પણ ચાર સંખ્યા બનાવી તેને ઊતરતા ક્રમમાં ગોઠવો.

(2) 654321 માં 4 ની સ્થાનકિંમત અને  1ની સ્થાનકિંમતનો તફાવત શું થાય?

(3) સંખ્યારેખાની મદદથી સરવાળો કરો:- 5 + 2

(4) સંખ્યારેખાની મદદથી બાદબાકી કરો:- 7 – 6

(5) સંખ્યારેખાની મદદથી ગુણાકાર કરો:- 3 x 4

પ્રશ્ન:- 5 નીચેના પ્રશ્નોની યોગ્ય ગણતરી કરો. (ગમે તે ત્રણ) (9)

(1) વન વિભાગ દ્વારા અત્યાર સુધીમાં 7250 વૃક્ષો વાવવામાં આવ્યા. જો તેમને 10,000 વૃક્ષ વાવવા હોય તો હજુ વધુ કેટલા વૃક્ષ વાવવા પડશે.

(2) એક સમાચાર પત્રમાં કુલ 12 પાના છે. દરરોજ સમાચારપત્રની 11,980 નકલો છપવામાં આવે તો કુલ કેટલા પાના છપવા પડે?

(3) 485236 માં 8 અને 3 અંકની અદલાબદલી કરી બનતી નવી સંખ્યા અને આપેલ સંખ્યાનો તફાવત શોધો.

(4)  એક ખોખામાં વધુમાં વધુ 24 પુસ્તકો સમાઈ શકે તો આવા 576 પુસ્તકો મુકવા માટે કેટલા ખોખાની જરુર પડે?

| પ્રશ્ન | 1 | 2 | 3 | 4 | 5 | કુલ ગુણ |
|---|---|---|---|---|---|---|
| ગુણ | 6 | 7 | 10 | 8 | 9 | 40 |

Scanned with CamScanner

**ધોરણ ૮ ગુજરાતી – પ્રશ્નપત્ર**

**કુલ ગુણ:** ૪૦ **કુલ પ્રશ્નો:** ૮ **સમય:** ૨ કલાક

---

**વિભાગ ૧: હેતુલક્ષી પ્રશ્નો (કુલ ગુણ: ૧૦)**

**પ્રશ્ન ૧: નીચે આપેલા વિકલ્પોમાંથી બંધબેસતો અર્થ શોધીને લખો. (કુલ ગુણ: ૫)** (અધ્યયન નિષ્પત્તિ: G8214 - વિગતોને હેતુ અનુસાર પ્રયોજે છે )

**૧. તું આમંત્રિત અતિથિ એનો....**

A. તું ઈશ્વરને આમંત્રણ આપ. B. મનુષ્ય ઈશ્વરનો આમંત્રિત મહેમાન છે. C. ઈશ્વર તારો મહેમાન છે.

**૨. એના જનને તારા ગણીને....**

A. તમામ લોકોને તારા ગણ. B. આકાશના તારા ગણીને. C. લોકોને તું આકાશના તારા માનજે.

**૩. વેરતો પ્રતીપળ હેતનું હાસ....**

A. હાશ! પ્રેમનું હાસ્ય વેરાયું. B. દુશ્મની પ્રત્યેક પળે પ્રેમનું હાસ્ય છે. C. પ્રત્યેક પળે પ્રેમનું હાસ્ય વેરે છે.

**૪. તું નવરો નવ રે'જે વહેજે...**

A. તું નવ વખત નવરો રહેજે. B. તું નવરો ના રહેતો, પ્રવૃત્તિશીલ રહેજે. C. તું રડતો નહીં, વહેતો રહેજે.

**૫. હાલ તો તેની ઉપર નિંદ્રારાણીનો પ્રભાવ વર્તાઇ રહ્યો છે ....રેખાંકિત શબ્દનો અર્થ કયો હશે?**

A. જોવા મળશે B. ઊંઘી જશે C. દેખાઇ રહ્યો છે D. ગમી રહ્યો છે.

**પ્રશ્ન ૨: નીચે આપેલા વિકલ્પોમાંથી ખોટો વિકલ્પ છેકી વાક્ય સાચું બનાવીને લખો. (કુલ ગુણ: ૫)** (અધ્યયન નિષ્પત્તિ: G8534 - ભાષા સંરચનાની ક્ષતિઓ શોધી, સુધારી સામગ્રીનું પુનઃલેખન કરે છે )

૧. મેં ક્યારનાય તેમને ત્યાં મોકલી લીધા છે / દીધા છે.

૨. પ્રારંભથી જ પ્રકૃતિ અને ધર્મ ચિત્રકલાના કેન્દ્ર તરીકે રહ્યા છે / થયા છે.

3. જુવાર, બાજરી, મકાઇ અને જવ એ ભારતમાં ઉગાડવામાં લેવાતાં / આવતાં મુખ્ય ધાન્ય છે.

૪. જે પાકને વરસાદની ઋતુમાં રોપવામાં આવે તેને ખરીફ પાક ઓળખે છે / કહે છે.

૫. પૂજા પૂર્ણ થતા માતાએ સૌને પ્રસાદી વેચી / વહેંચી.

Scanned with CamScanner

**વિભાગ ૨: અતિ ટૂંક જવાબી પ્રશ્નો (કુલ ગુણ: ૧૦)**

**પ્રશ્ન 3 યોગ્ય વિકલ્પ પસંદ કરી ખાલી જગ્યા પૂરો (કુલ ગુણ: ૫)**

**(વરસાદ, ઘેરાં,આકાશ, કાલિદાસે, એકધારો, છેલ્લો)**

અષાઢ મહિનાના પહેલા દિવસને તો કવિકુલશિરોમણિ .................... અમર બનાવી દીધો છે, પણ આજે તો અષાઢનો પહેલો નહીં પણ ...................... દિવસ છે. શનિવારનો શરૂ થયેલો ............................આજે મંગળવાર સુધી થંભ્યા વગરનો ...................પડયે જ જાય છે ! મારા મનનો પડછાયો પાડતું હોય તેમ આખું આભ કાળાં વાદળોથી છવાયેલું છે અને આખું ...................જાણે ધરતી પર ઝૂકી પડ્યું છે.

**પ્રશ્ન ૪: ઉદાહરણ વાંચો સમજો અને બંધબેસતા શબ્દોની જોડ બનાવો.(કુલ ગુણ: ૫)**

(G8152 શબ્દ, શબ્દસમૂહ, કહેવત અને રૂઢિપ્રયોગનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય, સંવાદ, પરિચ્છેદ, વાર્તા અને કાર્યની રચના કરે છે.)

(ઈશ, કિલ્લો, ઘર, જન, પરમેશ્વર, સુધા, સહિયારુ, માણસઆખું, ભેગુ, ગઢ, અખંડ, આવાસ, અમૃત)

**ઉદાહરણ :- આવાસ: ઘર**

---

**વિભાગ ૩: ટૂંક જવાબી પ્રશ્નો (કુલ ગુણ: ૧૦)**

**પ્રશ્ન ૫: નીચેના ચિત્ર પરથી પ્રશ્નોના જવાબ આપો. (કુલ ગુણ: ૫)** (અધ્યયન નિષ્પત્તિ: G8151 - સૌંદર્યલક્ષી દૃશ્યાત્મક સામગ્રીનું વર્ણન કરે છે )



૧. આ ચિત્ર કઈ જગ્યાનું છે?

૨. તેમાં દર્શાવેલી વ્યક્તિ શું કરી રહી છે?

૩. તે વ્યક્તિએ માસ્ક કેમ પહેર્યો છે?

૪. આ ચિત્રનું વર્ણન ત્રણ થી પાંચ વાક્યમાં કરો.

**પ્રશ્ન ૬: અહીં બે ફકરા ભેગા થઈ ગયા છે, તેને છૂટા પાડીને બે ભાગમાં લખો. (કુલ ગુણ: ૫)** (અધ્યયન નિષ્પત્તિ: G8218 - સામગ્રીનું વિશ્લેષણ કરે છે )

**ફકરો:** સારસ છીછરા પાણીમાં જ ખોરાક શોધવું પસંદ કરે છે. બોલવું એ કાંઈ સહેલું કામ નથી. તે પાંદડાં, ઘાસ, બીજ અને નાનીનાની માછલીઓ આરોગે છે. આપણે બોલવું નક્કી કરીએ પછી આખુ ધડ કામે લાગી જાય. તેમના પગ, ડોક અને ચાંચ લાંબા હોય છે. માદા સારસ નર કરતાં કદમાં નાના હોય છે. છેક હોજરીના પડદાથી હવાનો ધક્કો શરૂ થાય. તેઓ એકબીજા સાથે વાત કરવા જુદા જુદા પ્રકારના અવાજ કાઢે છે. ફેફસાં, ગળાના સ્નાયુઓ અને મોં કામમાં લાગી જાય. દાંત, જીભ, તાળવું અને નાક હવાને ચોક્કસ રીતે બહાર કાઢે ત્યારે અવાજ બને. માદા સારસ એક વખતમાં બે ઈંડા મૂકે છે. ઈંડાની સંભાળ નર રાખે છે.

Scanned with CamScanner

**વિભાગ ૪: નિબંધ પ્રકારના પ્રશ્નો (કુલ ગુણ: ૧૦)**

**પ્રશ્ન ૭: નીચેનામાંથી કોઈ એક મુદ્દા બાબતે તમારો અનુભવ, તે સમયે તમે અનુભવેલી લાગણી અને તે માટેનાં કારણો પાંચ થી સાત વાક્યોમાં લખો. (કોઈપણ બે) (કુલ ગુણ: ૫)** (અધ્યયન નિષ્પત્તિ: G8132 - પોતાના કે અન્યના સામાજિક અનુભવ જણાવે છે, સાંભળે છે; તેને લગતી લાગણી વ્યક્ત કરે છે અને તે માટેનાં કારણો આપે છે )

૧. જ્યારે મેં પહેલીવાર સાયકલ ચલાવી.

૨. જ્યારે મેં પહેલીવાર પ્રાર્થના સંમેલનમાં સમાચાર વાંચ્યા / ગીત ગાયું.

૩. જ્યારે મેં પહેલીવાર શાક બનાવ્યું.

૪. જ્યારે હું પહેલીવાર ઘરે એકલો/એકલી રહ્યો / રહી.

**પ્રશ્ન ૮: આપેલી કાવ્યપંક્તિઓ પરથી પ્રશ્નોના જવાબ આપો. (કુલ ગુણ: ૫)** (અધ્યયન નિષ્પત્તિ: G8211 - પદ્ય અને ગદ્ય સામગ્રીમાંથી વિગતો તારવી શકે છે )

**તું ધરતીમાં, તું છે નભમાં, સાગર મહીં વસે છે તું,**

**ચાંદા સૂરજમાંયે તું છે, ફૂલો મહીં હસે છે તું.**

**દેવ, બનાવી દુનિયા છે તેં, તારો છે સૌને આધાર,**

**તું છે સૌનો, સૌ તારા છે, નમીએ તુજને વારાંવાર.**

**પ્રશ્નો:**

૧. કવિએ કોને સંબોધીને કાવ્ય લખ્યું છે?

૨. કવિને ઈશ્વર કયાં કયાં દેખાય છે?

૩. કવિ ઈશ્વરને શા માટે વારાંવાર નમન કરે છે?

૪. ‘આધાર - વારંવાર’ શબ્દ જોડનો ઉપયોગ કરી વાક્ય બનાવો.

૫. કવિ કોને નમવાનું કહે છે?

Scanned with CamScanner

## ધોરણ ૭ ગુજરાતી – પ્રશ્નપત્ર

**કુલ ગુણ: ૪૦ કુલ પ્રશ્નો: ૮ સમય: ૨ કલાક**

---

### વિભાગ ૧: હેતુલક્ષી પ્રશ્નો

***(અધ્યયન નિષ્પત્તિ: LO 706.4: વિશિષ્ટ શબ્દોના અર્થ સાંસ્કૃતિક સંદર્ભમાં સમજે અને ઉપયોગ કરે.)***

**પ્રશ્ન ૧: કૌંસમાં આપેલા શબ્દોનો ઉપયોગ કરીને ખાલી જગ્યા પૂરો. (ગુણ: ૫)**

**(પ્રભુપુત્ર, જનસેવા, કૃષ્ણપ્રભુ, ક્ષમાસિંધુ, એકપત્નીવ્રત)**

૧. એક ગામમાં રામજી ભગવાનનું સુંદર મંદિર હતું. ત્યાં ભગતજી નામના એક વૃદ્ધ પૂજારી રહેતા, જે હંમેશા _______ કરતા.

૨. તેઓ પોતાની પત્ની પ્રત્યે _______ પાળતા.

૩. ગામલોકો તેમને _______ જેટલો જ આદર આપતા.

૪. ગામલોકો ગુસ્સે થયા, પણ ભગતજી તો સાચા _______ હતા.

૫. તેમણે પોતાના પુત્રને માફ કરી દીધો અને સૌને સમજાવ્યું કે _______બનવું જ સાચી ભક્તિ છે.

***(અધ્યયન નિષ્પત્તિ: LO 706.1: અપરિચિત શબ્દોના અર્થની ધારણા કરે, શોધખોળ કરે અને તારવે છે.)***

**પ્રશ્ન ૨: કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરીને ખાલી જગ્યા પૂરો. (ગુણ: ૫)**

**(સરક સરક, ઝબક ઝબક, ટપક ટપક, ઘટક ઘટક, ટમક ટમક)**

૧. વરસે વરસાદ આજ _______

૨. પીધો વરસાદ અમે _______

૩. પાણીમાં તરતી કાગળની હોડીઓ _______

૪. વાદળમાં વીજળીઓ _______

૫. પાછળ તારલિયા _______

### વિભાગ ૨: અતિ ટૂંક જવાબી પ્રશ્નો

***(અધ્યયન નિષ્પત્તિ: LO 705.9: ભાષા સંરચનાની ક્ષતિઓ શોધી સુધારી સામગ્રીનું પુન: લેખન કરે છે.)***

**પ્રશ્ન ૩: આપેલા વાક્યમાં શબ્દો ઉલટ-સુલટ થઈ ગયા છે, તેને યોગ્ય રીતે ગોઠવીને વાક્ય ફરીથી લખો. (ગુણ:** ૫)

૧. સાપુતારા અમે ફરવા બધા જન્માષ્ટમીની જવાના છીએ રજામાં.

૨. કવિતા શિક્ષક ગુજરાતીની અમારા સુંદર અમને સંભળાવે છે.

૩. ચેસ જૈનિલ ગઈકાલે રમતા અને બન્ને હતા જિજ્ઞા.

૪. ગુપ્તદાન આપેલો પીતાંબર પટેલના મહિમા પાઠમાં દાનનો છે.

૫. નાનપણનું સિદ્ધાર્થ હતું નામ ભગવાન બુદ્ધનું.

### વિભાગ ૩: ટૂંક જવાબી પ્રશ્નો

***(અધ્યયન નિષ્પત્તિ: LO 706.2: શબ્દ બદલીને વાક્ય રચનાઓ નિપજાવે છે.)***

**પ્રશ્ન ૪: આપેલા વિધાનોમાં રેખાંકિત શબ્દના સ્થાને તેનો વિરુદ્ધાર્થી શબ્દ લખીને વાક્યનો ભાવાર્થ ન બદલાય તે રીતે વાક્ય ફરીથી લખો. (ગુણ: ૫)**

૧. વૃક્ષો દિવસે ઉચ્છ્વાસમાં ઓક્સિજન **છોડે** છે.

૨. હરખચંદને કપડાના વેપારમાં ઘણો **લાભ** થયો.

Scanned with CamScanner

૩. રાવણની બહેન શુપર્ણખાનો ચહેરો **કદરૂપો** હતો.

૪. વિદ્યાર્થીઓ પરીક્ષા બાબતે **નિશ્ચિત** હતા.

૫. ગામડાના લોકો દિલથી **અમીર** હોય છે.

***(અધ્યયન નિષ્પત્તિ: LO 705.1: અગાઉ શીખી ગયેલા ભાષારચનાના ઘટકોનો ઉપયોગ કરી વાક્યરચના કરે છે.)***

**પ્રશ્ન ૫: આપેલ શબ્દનો ઉપયોગ કરીને વાક્ય બનાવો. (ગુણ: ૫)**

૧. ધબધબ

૨. રૂમઝુમ

૩. ઝરમર

૪. ખળખળ

૫. છુકછુક

***(અધ્યયન નિષ્પત્તિ: LO 703.3: વિગતો વચ્ચેના સંબંધો સમજે છે.)***

**પ્રશ્ન ૬: અહીં બે ફકરા ભેગા થઈ ગયા છે, તેને છૂટા પાડીને બે ભાગમાં લખો. (ગુણ: ૫)**

અમારે ત્યાં એક ગાય હતી – એનો રંગ સફેદ. સંશોધન કહે છે કે દેશી ગાય પ્રાકૃતિક કૃષિની કામધેનુ સમાન છે. એને શિંગડાં નહોતાં. અમારા કુટુંબની એ કામધેનુ હતી. ગાયના ગોબરથી ખેડૂતો ઝીરો બજેટમાં ખેતી કરી શકે છે. એનાં છાણમૂત્રની બહુ માંગ રહેતી. દેશી ગાયનું ગોબર નાઇટ્રોજનનું સ્થાપન કરે છે. એનો ઉપયોગ કરીને પ્રાકૃતિક ખેતી થાય છે. એનો વંશવેલો બહુ મોટો. આવા ઉત્પાદનો આરોગવાથી સ્વાસ્થ્ય પણ સારું રહે છે.

***(અધ્યયન નિષ્પત્તિ: LO 707.5: પોતાના અનુભવો સાથે ભાવાત્મક ઘટનાનું, પાત્રોનું અને ભાષાનું અનુસંધાન કરે છે.)***

**પ્રશ્ન ૭: (અ) અને (બ) વિભાગમાંથી વાક્યો પસંદ કરીને બંને વાક્યોને 'જો...તો' વડે જોડીને વાક્ય બનાવો. (ગુણ: ૫)**

**(અ)**

- કોઈ કૂતરાને પથ્થર મારી રહ્યું હોય તેવું હું જોઉં.
- બાળસંસદમાં કોઇ ગ્રૂપના લીડર વિશે વિદ્યાર્થીઓ મને ફરિયાદ કરે.
- કોઈની ખોવાઈ ગયેલા પચાસ રૂપિયા મને મળે.

**(બ)**

- હું તેને હિંસા ન કરવા સમજાવું.
- હું પ્રામાણિક રીતે જે સાચું કારણ હોય તે સૌને જણાવું.
- હું નેકીના રસ્તે ચાલી તે રૂપિયા પાછા આપી દઉં.

**ઉદાહરણ:** જો કોઈ કૂતરાને પથ્થર મારી રહ્યું હોય તો હું તેને હિંસા ન કરવા સમજાવું.

**વિભાગ ૪: નિબંધ પ્રકારનો પ્રશ્ન**

***(અધ્યયન નિષ્પત્તિ: LO 703: વાચન અર્થગ્રહણ)***

**પ્રશ્ન ૮: તમારા વિચારો વિસ્તારપૂર્વક લખો. (ગુણ: ૫)**

આરવ અને સિયાને ગુફામાં મળેલા ખજાનાનો ઉપયોગ ગામના બાળકો માટે નવી શાળા બનાવવા માટે કરવાનો નિર્ણય શા માટે કર્યો હશે? આ નિર્ણય લેવાથી તેમના જીવનમાં શું ફેરફાર આવશે અને જો તમને આવો કોઈ ખજાનો મળે તો તમે તેનો ઉપયોગ કેવી રીતે કરશો?

Scanned with CamScanner

# ધોરણ ૬ ગુજરાતી – પ્રશ્નપત્ર

**કુલ ગુણ: ૪૦** **કુલ પ્રશ્નો: ૮** **સમય: ૨ કલાક**

---

## વિભાગ ૧: હેતુલક્ષી પ્રશ્નો (કુલ ગુણ: ૧૦)

**પ્રશ્ન ૧: નીચે આપેલા ફકરાના આધારે પ્રશ્નોના જવાબ લખો. (કોઈ પણ બે- કુલ ગુણ: ૫)** (અધ્યયન નિષ્પત્તિ: G6.3 - વાચન અર્થગ્રહણ)

**ફકરો:** નદીને એક કાંઠે બાવળ છે. તેનો છાંયો નદીના પાણીમાં પડે છે. આખો દિવસ ઝાડ હલતું જ લાગે છે. નદીનાં પાણી સાથે તે રમતું હોય એવું દેખાય છે. બાવળે પીળાં ફૂલો આવેલાં છે. ઝીણાં પીળાં ફૂલો નદીના પાણીમાં પડી પડીને નદીના પાણી ઉપર તણાયે જાય છે. નદીનાં પાણી પીળાં ફૂલોને નચાવતાં નચાવતાં ક્યાંયનાં ક્યાંય દૂર લઈ જાય છે.

૧. બાવળના ફૂલની શું વિશેષતા છે?

૨. લેખકને બાવળ નદીના પાણી સાથે રમે છે તેમ કેમ લાગે છે?

૩. નદી બાવળના ફૂલ નચાવે છે તેમ લેખક કેમ કહે છે?

**પ્રશ્ન ૨: અર્થપૂર્ણ ફકરો બને તે રીતે કૌંસમાંથી યોગ્ય શબ્દ પસંદ કરીને ખાલી જગ્યા પૂરો. (કુલ ગુણ: ૫)** (અધ્યયન નિષ્પત્તિ: G6.6 - શબ્દભંડોળ)

**(રૂપાળો, મહારાજા, મૂંગે મોઢે, મહાકવિ, મજાકમાં, ચૂપ, માઠું, તરસ્યા, ઉતાવળે, સોનાનો)**

ઉનાળાનો સમય હતો. વિક્રમનો દરબાર ભરાયો હતો. આ સભામાં ____________ કાલિદાસ પણ હાજર હતા. કાલિદાસ ને જોઈને રાજાએ ____________ કહ્યું "બીજા દરબારીઓની સરખામણીમાં તમે કદરૂપા છો". કાલિદાસે રાજા ની વાત સાંભળી ____________ લીધી. તેમને ____________ તો લાગ્યું પણ તે ____________ રહ્યા.

---

## વિભાગ ૨: અતિ ટૂંક જવાબી પ્રશ્નો (કુલ ગુણ: ૧૦)

**પ્રશ્ન ૩: આપેલા વાક્યમાં શબ્દો ઉલટ-સુલટ થઈ ગયા છે, તેને યોગ્ય રીતે ગોઠવીને વાક્ય ફરીથી લખો. (કુલ ગુણ: ૫)** (અધ્યયન નિષ્પત્તિ: G6.3.2 - વિગતો વચ્ચેનો સંબંધ સમજે છે)

૧. લોકોને સલામત સ્થળોએ ખસેડવામાં આવ્યા.

૨. નદીઓમાં પાણીનું સ્તર ઝડપથી વધવા લાગ્યું.

૩. શહેરમાં નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાઈ ગયું.

૪. શહેરમાં સતત ભારે વરસાદ વરસ્યો.

૫. પૂરનું પાણી ધીમે ધીમે ઓસરવા લાગ્યું.

Scanned with CamScanner

**પ્રશ્ન ૪: અહીં બે ફકરા ભેગા થઈ ગયા છે, તેને છૂટા પાડીને બે ભાગમાં લખો. (કુલ ગુણ: ૫)** (અધ્યયન નિષ્પત્તિ: G6.3.4 - સામગ્રીનું વિશ્લેષણ કરે છે)

**ફકરો:** સારસ છીછરા પાણીમાં જ ખોરાક શોધવું પસંદ કરે છે. બોલવું એ કાંઇ સહેલું કામ નથી. તે પાંદડાં, ઘાસ, બીજ અને નાનીનાની માછલીઓ આરોગે છે. આપણે બોલવું નક્કી કરીએ પછી આખુ ધડ કામે લાગી જાય. તેમના પગ, ડોક અને ચાંચ લાંબા હોય છે. માદા સારસ નર કરતાં કદમાં નાના હોય છે. છેક હોજરીના પડદાથી હવાનો ધક્કો શરૂ થાય. તેઓ એકબીજા સાથે વાત કરવા જુદા જુદા પ્રકારના અવાજ કાઢે છે. ફેફસાં, ગળાના સ્નાયુઓ અને મોં કામમાં લાગી જાય. દાંત, જીભ, તાળવું અને નાક હવાને ચોક્કસ રીતે બહાર કાઢે ત્યારે અવાજ બને. માદા સારસ એક વખતમાં બે ઈંડા મૂકે છે. ઈંડાની સંભાળ નર રાખે છે.

---

## વિભાગ ૩: ટૂંક જવાબી પ્રશ્નો (કુલ ગુણ: ૧૦)

**પ્રશ્ન ૫: તમારી દિનચર્યા યોગ્ય ક્રમમાં ગોઠવો. (કુલ ગુણ: ૫)** (અધ્યયન નિષ્પત્તિ: G6.3.2 - વિગતો વચ્ચેનો સંબંધ સમજે છે)

૧. મમ્મીને ઘરકામમાં ટેકો કરવો.

૨. શાળાએ જવું.

૩. ગૃહકાર્ય કરવું.

૪. વર્ગકાર્યમાં ભાગ લેવો.

૫. મિત્રો સાથે રમવા જવું.

**પ્રશ્ન ૬: આપેલ શબ્દોનો ઉપયોગ કરી બીજા નવા વાક્ય બનાવો. (કુલ ગુણ: ૫)** (અધ્યયન નિષ્પત્તિ: G6.6 - શબ્દભંડોળ)

**સ્તર :** મારા ભણતરનું સ્તર ધીમે ધીમે નીચે જઈ રહ્યું છે.

**પ્રભાવ :** સારા મિત્રોનો સારો પ્રભાવ પડે.

**આર્થિક :** આમારા ઘરની આર્થિક બાબતોનો હિસાબ મમ્મી રાખે છે.

**પુરવઠો :** જયારે મધ્યાહન ભોજનમાં ચણા ચાત હોય ત્યારે અમે તેનો પુરવઠો ખૂટી જાય એટલું ઝાપટી જઇએ.

**ઉત્પાદન :** અમારા કિચન ગાર્ડનમાં આ વખતે કોબીજનું ઉત્પાદન થયું.

---

## વિભાગ ૪: નિબંધ પ્રકારનો પ્રશ્ન (કુલ ગુણ: ૧૦)

**પ્રશ્ન ૭:** તમારી શાળા જો તમારું શરીર હોય જેમાં વિદ્યાર્થીઓ શાળાનું હ્રદય છે તો શાળાનું મગજ, હાથ, પગ, આંખ, કાન કોણ કોણ હોઈ શકે? તમને એવું શા માટે લાગે છે? જણાવો. **(કુલ ગુણ: ૫)** (અધ્યયન નિષ્પત્તિ: G6.3.7 - સામગ્રી વિષયક આગાહી કરે અને સર્જનાત્મક ચિંતન કરે)

**પ્રશ્ન ૮:** ઉનાળાના વેકેશનમાં તમારી દિનચર્યા વિશે નિબંધ લખો. **(કુલ ગુણ: ૫)** (અધ્યયન નિષ્પત્તિ: G6.3.7 - સામગ્રી વિષયક આગાહી કરે અને સર્જનાત્મક ચિંતન કરે)

Scanned with CamScanner

## જિલ્લા શિક્ષણ સમિતિ, .............. સંચાલિત,

## ...................... પ્રાથમિક શાળા

| | | |
|---|---|---|
| તારીખ : /૦૮/૨૦૨૫ | વિષય : English | કુલ ગુણ : 40 |
| વાર : ......વાર | ધોરણ : 6 | અભ્યાસક્રમ : 1 થી 2 |

---

**LO: E6121 આપેલ મુદ્દાઓ લક્ષ્યમાં રાખી વિવિધ પ્રકારની વાક્ય સામગ્રી (વાર્તાઓ, કાવ્ય,નાટ્યાશ, નિબંધ, લેખ,સમાચાર, અહેવાલ વગેરે) કાળજીપૂર્વક વાંચે છે**

**Que : 1 Read the passage and answer the following questions: [ 10 ]**

Once upon a time, there was a mother parrot who had two babies. She went in search of food. A hunter found the babies in their nest and took them away in his net. One of the baby parrots escaped from the hunter's net and went into the house of an old man.

**Questions :**

1. Where did a hunter find the babies?
2. Who found the babies?
3. A mother parrot had ............... babies.
4. The baby parrots went into the house of a young man. True or False?
5. Find opposite word of New X ................

**LO: E6621 પ્રાસવાલા શબ્દો તારવીને બતાવે છે.**

**Que : 2 (A) Find the rhyming word poem's line: [ 5 ]**

Healthy Food, Healthy Food,
Who are you? I am the one
That is good for you.
I make you grow,
Tall and strong
And give energy all day long.

1. Good - ...................   2. Fall - ...................

3. Strong - ...................   4. Throw - ...................

5. Live - ...................

Made By Brijesh Patel

Scanned with CamScanner

**LO: E65111 પરિસ્થિતિના સંદર્ભમાં હાલ થઈ રહેલી ક્રિયાઓ દર્શાવવા લેખિત મૌખિક અભિવ્યક્તિ કરે છે.**

**Que : 2 (B) Fill in the blanks from the given brackets:** **[ 5 ]**

1. Freny …………… writing a letter now. ( is / are )
2. They …………… dancing on the stage. ( is / are )
3. A parrot …………… speaking sweetly. ( am / is )
4. I …………… singing a song. ( am / is )
5. You …………… reading a book. ( are / am )

**Que : 3 (A) Make a word using the last letter of the previous word:** **[ 5 ]**

**Example :** One = Ear

1. Catch = ……………….
2. Year = ……………….
3. Dog = ……………….
4. Hill = ……………….
5. Rat = ……………….

**LO: E6226 આપેલ શબ્દોના આધારે સંવાદ પૂર્ણ કરે છે.**

**Que : 3 (B) Fill in the blanks from the given brackets:** **[ 5 ]**

( and, but, or, so, because )

1. Do you like apples ___ mangoes?
2. Christy is small, ___ she is strong.
3. I like apples ___ they are sweet.
4. Brij ___ Mit are singing.
5. He was late, ___ he missed the bus.

**LO: E65120 વાક્યની લંબાઈ વધારતી પ્રયુક્તિઓ અજમાવે.**

**Que : 4 (A) Choose the most appropriate words from the brackets to complete the sentences:** **[ 5 ]**

1. Dron speaks Chinese …………. (fluent/fluently)
2. Riya learns very …………. (quickly/quick)
3. We fought with the enemies …………. (bravely / brave)
4. Virat is a …………. driver. (slow / slowly)
5. Dipika has got a …………. voice. (loudly/loud)

Made By Brijesh Patel

Scanned with CamScanner

**Que : 4 (B) Classify the following words in Healthy Food and Junk Food: [ 5 ]**

Pizza, Apple, Tomato, Sandwich, Carrot

| Healthy Food | Junk Food |
|---|---|
| | |

Made By Brijesh Patel

Scanned with CamScanner

## જિલ્લા શિક્ષણ સમિતિ, .............. સંચાલિત,

## ..................... પ્રાથમિક શાળા

| | | |
|---|---|---|
| તારીખ : /૦૮/૨૦૨૫ | વિષય : English | કુલ ગુણ : 40 |
| વાર : ......વાર | ધોરણ : 7 | અભ્યાસક્રમ : 1 થી 2 |

---

**L.O.705 વાર્તા, પરિછેદ અને કાવ્યને સમજીને અર્થગ્રહણ કરે છે.**

**Que : 1 Read the passage and answer the following questions: [ 10 ]**

Once upon a time, there was a young boy named Gopal. He liked jalebis very much. One day, he bought some fresh jalebis. He put them in a dish. After a while, he saw flies buzzing over the jalebis. “Go away, dirty flies.” He shouted, but they didn’t. He killed seven flies at one blow. He said to himself, “Wow! Seven at one blow! I am very brave.” He made a big belt.

**Questions :**

1. Who liked jalebis very much?
2. What did Gopal buy?
3. Gopal saw flies ……………. over the jalebis.
4. Gopal killed seven flies at one blow. True or False?
5. Find opposite word of Small X …………….

**L.O.710 ચિત્રો અને પરિછેદનું વર્ગીકરણ કરે છે.**

**Que : 2 (A) Answer the following questions based on the given picture: [ 5 ]**

**( Answer ‘Yes’ or ‘No’ )**

1. Did the boy plant a tree?
2. Did he remove plastic before planting?
3. Did the boy work alone?
4. Did he use water to plant it?
5. Did the boy plant flowers?

**My Last Sunday activity**



Made By Brijesh Patel

Scanned with CamScanner

**L.O.713 ઉલટ પ્રશ્નો (Inversion questions) પૂછી અને તેવા પ્રશ્નોના જવાબ આપે છે.**

**Que : 2 (B) Find the Correct Sentence: [ 5 ]**

1. **Freny wrote a letter.**
   A. Did Freny wrote a letter? B. Did Freny written a letter?
   C. Did Freny write a letter? D. Freny wrote a letter?
2. **They went to play cricket.**
   A. Did They went to play cricket? B. Did They go to play cricket?
   C. Do They go to play cricket? D. Did They goes to play cricket?
3. **She helped me.**
   A. Did She help me? B. Did She helps me?
   C. Did She helped me? D. She helped me?
4. **I sang a song.**
   A. Did you sang a song? B. Did you sings a song?
   C. Do you sing a song? D. Did you sing a song?
5. **He read a book.**
   A. Did he reads a book? B. Did he read a book?
   C. Do he read a book? D. He read a book?

**L.O.714 માહિતી મેળવવા Wh (who, where, when, what, how many) પ્રશ્નના જવાબ મેળવે છે.**

**Que : 3 Make wh-questions based on the following sentences: [ 10 ]**

1. Christy likes bananas. (who)
2. They are singing a song. (what)
3. My father went to Gandhinagar. (when)
4. He was absent last Monday. (where)
5. There are 10 students in the class. (how many)

**L.O.720 વાંચન અને ઉચ્ચારનો સંબંધ તારવે છે.**

**Que : 4 Write any two rhyming words for the following words: [ 10 ]**

1. Caught : ______________, ______________
2. Drew : ______________, ______________
3. Sing : ______________, ______________
4. Food : ______________, ______________
5. Three : ______________, ______________

Made By Brijesh Patel

Scanned with CamScanner

# જિલ્લા શિક્ષણ સમિતિ, .............. સંચાલિત,

## ...................... પ્રાથમિક શાળા

| | | |
|---|---|---|
| તારીખ : /૦૮/૨૦૨૫ | વિષય : English | કુલ ગુણ : 40 |
| વાર : ......વાર | ધોરણ : 8 | અભ્યાસક્રમ : 1 થી 2 |

---

**L.O. 804** **વાર્તા, પરિચ્છેદ અને કાવ્યને સમજીને અર્થગ્રહણ કરે છે.**

**Que : 1** **Read the passage and answer the following questions:** **[ 10 ]**

The great ruler of India, Akbar, had nine gems in his court. The nine gems were the greatest in their own fields. One of them was Tansen, a great musician. He played different types of musical notes for the king. He played raagas like Malkauns, Dipak, Kedar, Malhar, etc. Tansen made some innovation in the Malhar raag and created Miyamalhar raag.

**Questions :**

1. Who had nine gems in his court?
2. What was Tansen?
3. Tansen created ................ raag. (Malkauns, Miyamalhar, Kedar)
4. Tansen played same musical notes for the king. True or False?
5. Find opposite word of Same X ................

**L.O. 807** **ઘટના તેમજ વાર્તાના પાત્રોની લાક્ષણિકતા, સ્થળો અને ઘટનાક્રમની વિગતો તારવે છે..**

**Que : 2 (A) Fill in the blanks using the words given in the brackets:** **[ 5 ]**

**( 827.8 mts, 163, tallest, cost, Dubai )**

Burj Khalifa is the .................. building in the world. It is a skyscraper in ................... It has .................. floors. Its height is ................... Its .................. of construction was US $ 1.5 billion.

**L.O. 814** **અપરિચિત વ્યક્તિઓનો સામાન્ય પરિચય મેળવે છે અને આપે છે.**

**Que : 2 (B) Write five sentences about the your family:** **[ 5 ]**

**Points :** Your name, Father and mother's name, what is father or mother, brother or sister, etc.

Made By Brijesh Patel

Scanned with CamScanner

L.O. 810 માહિતી મેળવવા wh પ્રશ્નો પૂછે છે.

**Que : 3 Make wh-questions based on the following sentences: [ 10 ]**

1. Christy studied in std 8. (who)
2. His father is a farmer. (what)
3. Heer went to school at 10 o'clock. (where)
4. Yash and Raj were absent yesterday. (when)
